| | | |
|---|---|---|
| **એચ.એસ.સુથાર**<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | **સુરત મહાનગરપાલિકા**<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૫/ ૨૦૧૭–૧૮, તા. ૧૨/૦૭/૨૦૧૭

અરજદારઃ- શ્રી પ્રદીપભાઈ એમ. મુંજાણી

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રદીપભાઈ એમ. મુંજાણીની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૩૩૩ તા. ૨૦/૦૫/૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૫/૨૦૧૭–૧૮ તા.૧૨/૦૭/૨૦૧૭.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી પ્રદીપભાઈ એમ. મુંજાણીની આઈ.ડી. નં. ૩૩૩ તા.૨૦/૦૫/૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ(નાગરીક સુવિધા કેન્દ્ર)એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ છે. જે અત્રે તા. ૨૪/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS-3 સુમન કુંજમાં થયેલ બાંધકામ અને થયેલ ભ્રષ્ટાચાર બાબતે મુદા નં. ૧ થી ૧૨ થી માહિતી માંગેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ મ્યુ. કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ સેન્ટ્રલ ઝોનના સીવીક સેન્ટર નં. CCC/CZ/OUT/નં.૫૫, તા.૦૭/૦૭/૨૦૧૭ થી તબદીલ થઈ અત્રેના SUC/(અપીલ)/No. 5, dtd. ૧૨/૦૭/૨૦૧૭ થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તા.૧૭/૦૭/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/પ્રથમ અપીલ/આઉટ નં. ૨૯ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા પ્રદીપભાઈ મનસુખભાઈ મુંજાણીની આઈ.ડી. નં. ૩૩૩, તા. ૨૦/૦૫/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૨૧/૦૭/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૩૦ થી જરૂરી પૂર્તતા કરેલ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આઉટ/નં. ૩૪,૩૫, તા. ૧૫/૦૬/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે મુજબ જવાબ પાઠવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(SUC)એ તેઓના પત્ર નં. SUC/OUT/નં. ૩૪, તા.૧૫.૦૬.૨૦૧૭ થી મજકુર અરજદારને માંગેલ દસ્તાવેજો માટે રૂા. ૧૪૬/– જમા કરાવવા ફરમાવેલ.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી પ્રદીપભાઈ એમ. મુંજાણીની પ્રથમ અપીલ નં. ૫ ના સંદર્ભે તા. ૧૭/૦૭/૨૦૧૭ ના પત્ર નં. SUC/અપીલ/આઉટ નં. ૨૮ થી અપીલ અરજી તબકકે અન્ય કોઈ રજુઆત કે અન્ય રજુઆત હોય તે કરવા જણાવેલ છે. પરંતુ આજદિન સુધી કોઈ રજુઆત અરજદારશ્રી તરફથી કરવામાં આવેલ નથી. સદર અરજીનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે અને માહિતીની નકલ મેળવવા માટે નાણાં ભરવા માટે "નમુનો–ખ" માં જણાવવામાં આવેલ અને દફતરી ઈન્સ્પેકશન કરવા પણ જણાવવામાં આવેલ છતા અરજદાર દ્વારા દફતરી ઈન્સ્પેકશન કરેલ નથી તેમજ નાણાં ભરી નકલો પણ મેળવવામાં આવેલ નથી.

# –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૨૦/૦૫/૨૦૧૭ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીએ મુદ્દાસર માહિતી આપેલ હોય, અત્રેના વિભાગે અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આ બાબતમાં જરૂર જણાય તો જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે. વધુમાં અરજદાર મજકુરની તા. ૧૨/૦૭/૨૦૧૭ ની અપીલ નં. SUC/RTI/અપીલ/IN/૦૫ અન્વયે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવા આથી હું હુકમ કરું છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

એસયુસી/આરટીઆઈ/અપીલ/આ. નં. ૩૩
તારીખઃ– ૨૭/૦૭/૨૦૧૭

પ્રતિ,
(૧) શ્રી પ્રદીપભાઈ મનસુખભાઈ મુંજાણી, ૨૬૮, ભગીરથ સો. વિ–૨, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | એચ.એસ.સુથાર<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૬/ ૨૦૧૭–૧૮, તા. ૧૮/૦૭/૨૦૧૭

અરજદાર:- શ્રી અજય જાંગીડ

સામાવાળા:- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત:–**

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય જાંગીડની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૩૦૭, તા. ૦૭/૦૬/૨૦૧૭ બાબત.

સંદર્ભ:– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૬/૨૦૧૭–૧૮ તા.૧૮/૦૭/૨૦૧૭.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી અજય જાંગીડની આઈ.ડી. નં. ૩૦૭, તા. ૦૭/૦૬/૨૦૧૭ ની અરજી એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, સાઉથ ઝોન(ઉધના) એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૧૮/૦૭/૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત જહાંગીરાબાદ, ઉગત ભેંસાણ રોડ પર આવેલ મિલકત બાબતે મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી માંગેલી છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ મ્યુ. કમિશનરશ્રીને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ સાઉથ ઝોન(ઉધના)ના નં.સા.ઝોન/ટેક/૭૪૬, તા.૧૭/૦૭/૨૦૧૭ થી તબદીલ થઈ અત્રેના એસયુસી/અપીલ/નં.૬, તા.૧૮/૦૭/૨૦૧૭ થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તા. ૨૫/૦૭/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/અપીલ/ આઉટ નં. ૩૨ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા અરજદારશ્રી અજય જાંગીડની આઈ.ડી. નં. ૩૦૭, તા. ૦૭/૦૬/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૨૯/૦૭/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૩૪ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૩૮, તા.૧૭/૦૬/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

" સદર અરજી અન્વયે જણાવવાનું કે અત્રેના વિભાગને લાગુ પડતા મુદ્દાઓ અંગે આપે નિરીક્ષણ માંગેલ છે. જે અંગે તા. ૨૮/૦૬/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે દફતરી ચકાસણી કરી શકો છો. અને પસંદ કરેલ રેકર્ડની જરૂરી નકલ મેળવી શકો છો. "

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી અજય જાંગીડની પ્રથમ અપીલ નં. ૬ ના સંદર્ભે તા.૨૫/૦૭/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં.૩૧ થી અપીલ અરજી તબકકે અન્ય કોઈ રજુઆત કે અન્ય રજુઆત હોય તે કરવા જણાવેલ છે. ઉપરાંત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા એસયુસી/આરટીઆઈ/આઉટ નં. ૩૮, તા.૧૭/૦૬/૨૦૧૭ થી તા.૨૮/૦૬/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે દફતરી ઈન્સ્પેકશન કરવા જણાવેલ પરંતુ અરજદાર દ્વારા દફતરી ઈન્સ્પેકશન કરેલ નથી. ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી અજય જાંગીડની પ્રથમ અપીલ નં. ૬ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા. ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. એસયુસી/અપીલ/ નં. ૩૫, તા. ૦૨/૦૮/૨૦૧૭ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા. ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા ન હતા.

# –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૭/૦૬/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારશ્રી તેની નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)નો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

એસયુસી/આરટીઆઈ/અપીલ/આ. નં. ૩૬
તારીખઃ– ૧૮/૦૮/૨૦૧૭

પ્રતિ,
(૧) શ્રી અજય જાંગીડ, ૨૦૦૪–સી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, રીંગરોડ, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | **એચ.એસ.સુથાર** | **સુરત મહાનગરપાલિકા** | |
| RIGHT TO INFORMATION | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ | |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ | |
| | મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

**પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૮/ ૨૦૧૭–૧૮, તા.૦૨/૦૧/૨૦૧૮**

**અરજદારઃ- શ્રી સચીન આર. રણપીસે**

**સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)**

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સચીન આર. રણપીસેની અરજી (આઈ.ડી. નં. ૯૩૮, તા.૦૬/૧૧/૨૦૧૭) મુદ્દા નં. (૧) રે.સ. નંબર – ૧૨ વડોદમાં બનાવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસના ટેન્ડરની માહિતી પ્રમાણિત નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૮/૨૦૧૭–૧૮ તા.૦૨/૦૧/૨૦૧૮.

આર.ટી.આઈ. એક્ટ હેઠળ અરજદારશ્રી સચીન આર. રણપીસેની અરજી આઈ.ડી. નં. ૯૩૮, તા.૦૬/૧૧/૨૦૧૭ અત્રે સદર અરજીથી અરજદારશ્રી દ્વારા માંગેલ માહિતી નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) : રે.સ. નંબર – ૧૨ વડોદમાં બનાવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસના ટેન્ડરની માહિતી પ્રમાણિત નકલ આપવી.

મુદ્દા નં. (૨) : રે.સ. નંબર – ૧૨ ના ઈ.ડબલ્યુ.એસ. આવાસના ટેન્ડર કઈ સંસ્થાને આપવામાં આવેલ છે કયા વર્ષમાં ટેન્ડર મળેલ છે તેની પ્રમાણિત નકલ સાથે આપો.

મુદ્દા નં. (૩) : ઈ.ડબલ્યુ.એસ. આવાસમાં થયેલ તમામ ખર્ચની બીલનું પ્રમાણિત નકલ સાથે આપો.

મુદ્દા નં. (૪) : ઈ.ડબલ્યુ.એસ. આવાસમાં ફાયર સેફ્ટીની જોગવાઈ છે કે નહીં જો ના હોય તો કઈ એક્ટ કે પરિપત્ર દ્વારા પ્રમાણિત નકલ સાથે માહિતી આપવી.

મુદ્દા નં. (૫) : રે.સ. નંબર – ૧૨ માં આવેલ તમામ ઈ.ડબલ્યુ.એસ. આવાસમાં ફાળવવામાં આવેલ મકાન માલિકની યાદી પ્રમાણિત નકલ સાથે માહિતી આપો.

મુદ્દા નં. (૬) : ઈ.ડબલ્યુ.એસ. આવાસ બનાવતી વખતે કઈ પ્રકારનું સામગ્રી કઈ કંપનીની હતી કે વપરાયેલ હતી કે વપરાયેલ છે તેની માહિતી આપશો.

મુદ્દા નં. (૭) : ઈ.ડબલ્યુ.એસ. આવાસના બાંધકામને કેટલા વર્ષ થયેલ છે તેની વિગત સાથે માહિતી આપવી.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને સમય અવધિમાં પત્ર ક્રમાંક એસયુસી/આઉટ નં. ૧૩૭, તા.૧૪/૧૧/૨૦૧૭ થી મુદ્દા નં. (૧) થી (૭) અંગે "માંગેલ માહિતી વિપુલ તેમજ વિસ્તૃત પ્રમાણમાં હોય, સુરત મહાનગરપાલિકાની સામાન્ય કામગીરીને પ્રતિકૂળ અસર થઈ શકે તેમ હોય અત્રેની કચેરીએથી દિન–૦૭ માં આગોતરો સમય મેળવી નીતિ નિયમો મુજબ ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરી માંગેલ માહિતી પૈકી જે ચોકકસ માહિતીની જરૂર હોય તેની નકલ મેળવી શકશો. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૧૩૯, તા.૦૪/૧૨/૨૦૧૭ થી "આપના દ્વારા માંગેલ માહિતીના અનુસંધાને અત્રેની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી તા.૦૫/૧૨/૨૦૧૭ નાં રોજ ઓફિસ સમય સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે કરી જવા તેમજ નિતીનિયમો મુજબ ઉપલબ્ધ રેકર્ડની માહિતી પૈકી ચોકકસ માહિતીની જરૂર હોય તો તેની નકલ મેળવી લેવા આપને જણાવવામાં આવે છે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી." એમ જણાવેલ.

જે અનુસંધાને અરજદારશ્રી સચીન આર. રણપીસે તા.૦૫/૧૨/૨૦૧૭ નાં રોજ હાજર રહેલ ન હોય માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી થઈ શકેલ નથી. ત્યારબાદ તા.૧૧/૧૨/૨૦૧૭ નાં રોજ અરજદાર સાથે ટેલીફોનીક વાત થયા મુજબ તા.૧૪/૧૨/૨૦૧૭ નાં રોજ દફતરી ચકાસણી માટે આવવા જણાવેલ, જેથી તા.૧૪/૧૨/૨૦૧૭ નાં રોજ ઓફિસ સમય દરમ્યાન સાંજે ૦૪:૩૫ કલાકે હાજર રહી દફતરી ચકાસણી કરી માંગ્યા મુજબની માહિતીની નકલો અરજદાર બી.પી.એલ. કાર્ડ ધારક હોય વિનામુલ્યે આપવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી દ્વારા તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ, વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા સહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો

પક્ષ રજુ કરવા તથા દફતરી વિગતો સ્પષ્ટ કરવા અત્રેના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ/નં. ૩૯, તા.૦૮/૦૧/૨૦૧૮ થી પત્ર પાઠવવામાં આવેલ.

જયારે અરજદારશ્રીને પત્ર એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં.૩૮, તા.૦૮/૦૧/૨૦૧૮ અપીલ અરજી તબકકે અન્ય કોઈ રજુઆત કે અન્ય કોઈ નારાજગી હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે દિન–૦૫ માં રજુઆત કરવા જણાવવામાં આવેલ. તેમજ અરજદારશ્રીની તા.૦૨/૦૧/૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૦, તા.૦૯/૦૧/૨૦૧૮ થી તા.૧૯/૦૧/૨૦૧૮ નાં રોજ સાંજે ૩:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ હાજર રહી "માંગવામાં આવેલ માહિતીથી હું નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ હતી અને સાંજે રોજ તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીને સામે બોલાવીને મારી રજુઆત સમજીને મને ટાઈમસર જવાબ આપે એવી માંગણી પુરી કરેલ છે. મુદ્દા નં. (૧) ટેન્ડરની ફાઈલ મુદ્દા નં. (૨) તમામ ખર્ચની નકલ, મુદ્દા નં. (૩) કઈ પ્રકારની સામગ્રી વપરાયેલ છે. આ ત્રણ મુદ્દાની માહિતી આપશોજી." એ મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

આમ, આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત માહિતી–સાઈટ પર લાભાર્થીઓ દ્વારા લેવામાં આવતા કબ્જા રજીસ્ટરમાંથી વડોદ, આર.એસ. નં. ૧૨ ના બિલ્ડીંગ નં. ૨૬ અને ૩૫ ના કુલ ૦૬ નંગ પાનાની નકલ, સ્ટીલ ઈન્કમ રજીસ્ટરનાં કેલ ૦૬ નંગ પાનાની નકલ, સિમેન્ટ રજીસ્ટરની કુલ–૦૨ નંગ નકલો પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી દ્વારા રૂબરૂ નિરીક્ષણ દરમ્યાન સુચવેલ વડોદ આર.એસ. નં. ૧૨ ની મૂળ ફાઈલ અંગેની માહિતીના રેકર્ડની શોધખોળ કરતા, સદરહુ ફાઈલ ગેરવલ્લે/ગૂમ થયેલ હોવાનું જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીએ જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા એસયુસી/આ/નં. ૪૫૮૮, તા.૧૭/૦૧/૨૦૧૮ નાં રોજ તમામ ઝોન / વિભાગને પરિપત્ર પાઠવી સદર ફાઈલની શોધખોળ શરૂ કરી હોવાનું પણ જણાવેલ છે. જે ફાઈલ તાકીદે ફરીથી શોધખોળ કરાવી રેકર્ડ મળ્યેથી જાણ હેઠળ અરજદારશ્રીને માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને જણાવવા જોગ છે.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૬/૧૧/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત માહિતી–સાઈટ પર લાભાર્થીઓ દ્વારા લેવામાં આવતા કબ્જા રજીસ્ટરમાંથી વડોદ, આર.એસ. નં. ૧૨ ના બિલ્ડીંગ નં. ૨૬ અને ૩૫ ના કુલ ૦૬ નંગ પાનાની નકલ, સ્ટીલ ઈન્કમ રજીસ્ટરનાં કેલ ૦૬ નંગ પાનાની નકલ, સિમેન્ટ રજીસ્ટરની કુલ–૦૨ નંગ નકલો પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી દ્વારા રૂબરૂ નિરીક્ષણ દરમ્યાન સુચવેલ વડોદ આર.એસ. નં. ૧૨ ની મૂળ ફાઈલ ગેરવલ્લે/ગૂમ થયેલ હોવાનું જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીએ જણાવેલ છે. જે ફાઈલ તાકીદે શોધી ફરીથી શોધખોળ કરાવી રેકર્ડ મળ્યેથી જાણ હેઠળ અરજદારશ્રીને માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને જણાવવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

એસયુસી/આરટીઆઈ/અપીલ/આ. નં. ૪૨
તારીખઃ– ૨૩/૦૧/૨૦૧૮

પ્રતિ,
(૧) શ્રી સચીન આર. રણપીસે, ૧૯૫, પ્રેમનગર ભેદવાદ, પાંડેસરા, સુરત–૩૯૪૨૨૦.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | **એચ.એસ.સુથાર**<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | **સુરત મહાનગરપાલિકા**<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૯/ ૨૦૧૭–૧૮, તા.૧૪/૦૩/૨૦૧૮.

અરજદારઃ- શ્રી સૈયદ સઈદ સૈયદ અજગર

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સઈદ સૈયદ અજગરની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૨૧૨૮/૧૮, તા.૦૩/૦૧/૨૦૧૮ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૯/૨૦૧૭–૧૮, તા.૧૪/૦૩/૨૦૧૮.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી સૈયદ સઈદ સૈયદ અજગરની આઈ.ડી. નં. ૨૧૨૮/૧૮, તા.૦૩/૦૧/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાએ માહિતી પૂરી પાડવા ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને તબદીલ કરેલ જે સ્લમ અપગ્રેડેશન વિભાગને ઈનવર્ડ નં. એસયુસી/આરટીઆઈ/આ./નં. ૧૧૨, તા.૦૫/૦૧/૨૦૧૮ ના રોજ મળેલ. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

PPP માં પ્લોટ નં. ૧૧૭, અનવરનગર, ૨–૩ માસ પહેલા સર્વે થયેલ છે. સર્વેમાં કેટલા સર્વે થયા ? કેટલા પાસ થયા ? અને કેટલા બાકી રહેલ છે ?

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ મ્યુ. કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અપીલ કરી છે. જે સેન્ટ્રલ ઝોન, પર્સોનલ ઓફિસર(સે. ઝોન) અને ઈ.ચા. એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના નમુનો–'ઘ' ના નં. CCC/C.ZONE/OUT/306, તા.૧૩/૦૩/૨૦૧૮ થી તબદીલ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(SUC) ને ઈનવર્ડ નં. એસયુસી/અપીલ/નં. ૯, તા.૧૪/૦૩/૨૦૧૮ થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તા.૧૯/૦૩/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/અપીલ/ આઉટ નં. ૪૪ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા અરજદારશ્રી સૈયદ સઈદ સૈયદ અજગરની આઈ.ડી. નં. ૨૧૨૮/૧૮, તા.૦૩/૦૧/૨૦૧૮ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા.૨૩/૦૩/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૫ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૧૬૦, તા.૨૪/૦૧/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

" પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં ISSR ઘટક અંતર્ગત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ(PPP) દ્વારા તે જ સ્થળે પુનઃવસન કરવા બાબતે ટી.પી. સ્કીમ નં. ૦૭(આંજણા), ફા. પ્લોટ નં. ૧૧૭ ખાતે આવેલ અનવરનગરનો સર્વે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિયત કરેલ ફોર્મેટમાં સર્વેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જેથી આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. " સદર પત્ર અરજદાર મજકુરને મળી ગયેલ છે. તે બાબત Acknowledgement પાવતી ઉપરની સહી જોતાં જણાય છે.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી સૈયદ સઈદ સૈયદ અજગરની પ્રથમ અપીલ નં. ૯ ના સંદર્ભે તા.૧૯/૦૩/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૩ થી અપીલ અરજી તબકકે અન્ય કોઈ રજુઆત કે અન્ય કોઈ નારાજગી હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે જરૂરી રજુઆત પુરાવા દિન–૫ માં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(SUC) ને મોકલી આપવા જણાવેલ. ડે. ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તેઓના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આઉટ/નં. ૧૬૦, તા.૨૪/૦૧/૨૦૧૮ ની અરજદાર મજકુરને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે ધ્યાને જોતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## —: હુકમ :—

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૧૪/૦૩/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ છે. અત્રેથી અપીલ અરજી બાબતે કાંઈ કરવાનું રહેતું નથી. જેથી અપીલ અરજી દફતરે કરવા હુકમ કરું છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

એસયુસી/આરટીઆઈ/અપીલ/આ. નં. ૦૩
તારીખઃ– ૦૭/૦૪/૨૦૧૮

(૧) શ્રી સૈયદ સઈદ સૈયદ અજગર, ૨૭૯, અન્વરનગર, મીઠી ખાડી રોડ, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | એચ.એસ.સુથાર<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧૦/ ૨૦૧૭–૧૮, તા.૨૧/૦૩/૨૦૧૮.

અરજદાર:- શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી

સામાવાળા:- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત:–**

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણીની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૨૪૩૫, તા.૦૭/૦૨/૨૦૧૮ બાબત.

સંદર્ભ:– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧૦/૨૦૧૭–૧૮ તા.૨૧/૦૩/૨૦૧૮.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણીની આઈ.ડી. નં. ૨૪૩૫, તા.૦૭/૦૨/૨૦૧૮ ની અરજી એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર એ માહિતી પૂરી પાડવા તેઓના પત્ર નં. CCC/CZ/RTI/out/2435, તા.૦૮/૦૨/૨૦૧૮ થી અત્રે તબદીલ કરેલ જે અત્રે ઈનવર્ડ નં. SUC/RTI/IN/No. ૧૨૪, તા.૦૯/૦૨/૨૦૧૮ થી મળેલ. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુદ્દા નં. ૧ : મુખ્યમંત્રી આવાસમાં થયેલ બાંધકામ અને ભ્રષ્ટાચાર બાબત ઘણી બધી ફરિયાદ કરવા છતાં કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. તેના વિશે સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૨ : મુખ્યમંત્રી આવાસ યોજનામાં EWS અને LIG આવાસમાં કરવામાં આવેલ બાંધકામની વોરંટી/ ગેરંટીના સમયની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૩ : ઈલેકટ્રીક કામ એકદમ હલ્કી કક્ષાનું અને અધુરુ કરવામાં આવ્યુ છે જેના વિશે સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૪ : ૧૦/૦૬/૨૦૧૭ ના રોજ કમિશ્નર સાહેબ અને મેયરશ્રીને ભ્રષ્ટાચાર સાબિત કરવાની એક તક આપેલ તે બાબતની રૂબરૂ ફરિયાદ આપેલ તો તે ફરિયાદ પર કાર્યપાલક ઈજનેર સુથાર સાહેબ ૨૮/૦૬/૨૦૧૭ ના રોજ મારી વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરેલ જે ૧૯/૬/૨૦૧૭ ની ફરીયાદ પરથી ઝડપથી ૨૮/૦૬/૨૦૧૭ ના રોજ પોલીસ હતી. તો છેલ્લા દોઢ થી બે વર્ષથી સાદર ફરીયાદ કરવા છતાં કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૫ : ૧૦/૦૬/૨૦૧૭ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મુલાકાત કરી ભ્રષ્ટાચાર સાબિત કરવા માટે વિજીલન્સ ડિપાર્ટમેન્ટમાંથી બી.જે.શેઠ સાહેબ, સુથાર સાહેબ, એ.એસ.પટેલ, એન.એલ.પટેલ, અને કુંજલ દલાલને ભ્રષ્ટાચાર બાબતની જાણકારી મેળવેલ હતી. તો આપેલ જાણકારીની નકલની કોપી આપી આ બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૬ : મારા નામથી મુખ્યમંત્રી આવાસમાં થયેલ વીક બાંધકામ અને થયેલ ભ્રષ્ટાચાર બાબત ઘણી વખત RTI હેઠળ માહિતી માંગેલ હતી. પરંતુ દરેક વખતે ભ્રષ્ટાચારી માહિતી અધિકારી એન.એલ.પટેલ ખોટી અને એકની એક માહિતીના અલગ–અલગ જવાબ આપેલ હતા તે હું સાબિત કરી શકું છુ. તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૭ : ૧૦/૦૬/૨૦૧૭ ના રોજ કમિશ્નર સાહેબને આપેલ ફરિયાદ અને ૨૮/૦૬/૨૦૧૭ ના રોજ સુથાર સાહેબે કરેલ પોલીસ ફરીયાદ બાબત RTI હેઠળ તા.૦૭/૦૭/૨૦૧૭ ના રોજ આઈ.ડી.નં.૭૩૨ માં પોલીસ ફરીયાદ ૯ દિવસે અને ફરીયાદનાં નિકાલ માટે દોઢ થી બે વર્ષનો સમય આ બાબતે આપશ્રીએ માહિતીમાં જણાવેલ કે રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નથી તો આટલા મોટા સુરત શહેરનાં સ્લમ અપગ્રેડેશન અને SMC ના રેકોર્ડ ૨૦ થી ૫૦ દિવસમાં નિકાલ કરવામાં આવે છે. તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૮ : ભ્રષ્ટાચારી અધિકારી એન.એલ.પટેલ પાસે જે માહિતી માંગ્યે તેના જવાબમાં રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નથી અથવા નમૂના– ખ માં ફી ભરવાથી નકલ મેળવી શકશો પરંતુ અમોને હસુ આવે છે. માહિતી મેળવવી અને નકલ મેળવવી અલગ પ્રક્રિયા છે.માહિતી મેળવવા માટે અમોએ રૂા.૨૦/– ની ફી ભરી હોય છે. અને નકલ જોઈતી હોય. એમ લખ્યુ હોય તો નકલની ફી ભરી નકલ મેળવી શકાય છે. લાગે છે તમો પણ ભ્રષ્ટાચાર વધારે કરીને માહિતી અધિકારી બન્યા છો. તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૯ : તા.૧૬/૧૧/૨૦૧૬ આઈ. ડી. નં. ૬૫૭, તા.૨૯/૧૨/૨૦૧૬ આઈ. ડી. નં. ૨૦૪૩, તા.૦૭/૦૨/ ૨૦૧૭, આઈ. ડી. નં. ૨૪૨૨, તા.૧૪/૦૩/૨૦૧૭ આઈ. ડી. નં. ૨૭૬૧, તા.૨૦/૦૫/૨૦૧૭, આઈ. ડી. નં. ૩૩૩, તા.૨૭/૦૭/૨૦૧૭, આઈ. ડી. નં. ૨૪૨૨, તા.૧૪/૦૩/૨૦૧૭, આઈ. ડી. નં. ૭૩૨, આઈ. ડી. નં. ૭૩૩, આઈ. ડી. નં. ૭૩૪ માં માહિતી બધી જ ખોટી આપેલ છે. તે બાબત હું સાબિત કરી આપું એમ છું. ખોટી માહિતી આપી તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

મુદ્દા નં. ૧૦ : EWS-3 સુમન કુંજમાં દરવાજાનાં હેન્ડલ કાઢી લેવાનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. તે બાબત માટે દરવાજાના ફોટામાં હેન્ડલ દર્શાવાયુ છે. ફોટા આપના અધિકારી દ્વારા પાડવામાં આવેલ અને દરવાજામાં હેન્ડલ નથી. તે બાબતની સાચી અને સ્પષ્ટ માહિતી આપશો.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ મ્યુ. કમિશનરશ્રીને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ સેન્ટ્રલ ઝોન, નાગરીક સુવિધા કેન્દ્રના CCC/C.ZONE/OUT/319, તા.૨૦/૦૩/૨૦૧૮ થી તબદીલ થઈ અત્રેના એસયુસી/અપીલ/નં. ૧૦, તા.૨૧/૦૩/૨૦૧૮ થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તા. ૨૩/૦૩/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/અપીલ/ આઉટ નં. ૪૭ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા અરજદારશ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણીની આઈ.ડી. નં. ૨૪૩૫, તા.૦૭/૦૨/૨૦૧૮ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા.૨૮/૦૨/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૭૮, ૧૭૭ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/અપીલ/આઉટ/નં. ૧૭૮,૧૭૭, તા.૨૮/૦૨/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબના મુદ્દા નં. (૧) થી (૧૦) મુદ્દાવાઈઝ જવાબ પાઠવેલ છે.

મુદ્દા નં.૧ : સદર માહિતી નમુનો–'ખ' માં દર્શાવેલ નકલ ફી ભરપાઈ કર્યેથી નકલ મેળવી શકશો.

મુદ્દા નં.૨ : ટેન્ડર કોપીમાં EWS અને LIG આવાસમાં કરવામાં આવેલ બાંધકામની ડીફેકટ લાયેબીલીટી અન્વયે વિગતવાર જણાવવામાં આવેલ છે. જેથી નમુનો–'ખ' મુજબ નકલ ફી ભર્યેથી નકલ મેળવી શકશો.

મુદ્દા નં.૩ : સદર કામ ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરવામાં આવેલ છે. જેની નકલ નમુનો–'ખ' મુજબ નકલ ફી ભર્યેથી મેળવી શકશો.

મુદ્દા નં.૪ : સદર માહિતી નમુનો–'ખ' માં દર્શાવેલ નકલ ફી ભરપાઈ કર્યેથી નકલ મેળવી શકશો.

મુદ્દા નં.૫ : સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે રૂબરૂમાં થયેલ મૌખિક ચર્ચા રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૬ : આપનો મુદ્દો ફરિયાદ કરવા બાબતનો હોવાનું જણાય છે. આપના દ્વારા અગાઉની માહિતી માંગતી અરજી અન્વયે નકલ ફી ભરી અત્રેથી માહિતીની નકલો મેળવવામાં આવેલ નથી.

મુદ્દા નં.૭ : આપનો મુદ્દો ફરિયાદ કરવા બાબતનો હોવાનું જણાય છે. આપના દ્વારા અગાઉની માહિતી માંગતી અરજી અન્વયે નકલ ફી ભરી અત્રેથી માહિતીની નકલો મેળવવામાં આવેલ નથી.

મુદ્દા નં.૮ : RTI એકટ–૨૦૦૫ મુજબ ફકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. જેથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી મેળવવા જરૂરી નકલ ફી ભરપાઈ કર્યેથી માહિતી મેળવી શકશો. તેમ છતાં અત્રે ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી નિયમ મુજબ ફી ભરપાઈ કર્યેથી મેળવી લેવા વિનંતી.

મુદ્દા નં.૯ : RTI એકટ–૨૦૦૫ મુજબ ફકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. જેથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી મેળવવા જરૂરી નકલ ફી ભરપાઈ કર્યેથી માહિતી મેળવી શકશો. તેમ છતાં અત્રે ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી નિયમ મુજબ ફી ભરપાઈ કર્યેથી મેળવી લેવા વિનંતી.

મુદ્દા નં.૧૦ : ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ હેન્ડલ નાંખવામાં આવેલ છે.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈની પ્રથમ અપીલ નં. ૧૦ ના સંદર્ભે તા.૨૩/૦૩/૨૦૧૮ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૬ થી અપીલ અરજી તબકકે અન્ય કોઈ રજુઆત કે અન્ય કોઈ નારાજગી હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે જરૂરી પુરાવા સહિત અત્રેની કચેરીએ દિન–૫ માં મોકલી આપવા જણાવેલ છે. અરજદારની સદર અરજી અન્વયે અત્રેથી આપવાજોગ માહિતી અત્રેના પત્ર નં. એસયુસી/આઉટ/૧૭૮, તા.૨૮/૦૨/૨૦૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ અને રેકર્ડની નકલ મેળવવા અંગે નાણા ભરવા અન્વયે "નમુનો–ખ" એસયુસી/આરટીઆઈ/આઉટ/૧૭૭, તા.૨૮/૦૨/૨૦૧૮ થી અરજદારને જણાવેલ અને દફતરી ઈન્સ્પેકશન કરવા પણ જણાવેલ છે. પરંતુ અરજદાર દ્વારા અત્રેની કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરેલ નથી.

# –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૭/૦૨/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેમજ અત્રેની કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા જણાવેલ તેમજ તેની નકલ મેળવવા પૈસા ભરીને લઈ જવા જણાવવામાં આવેલ પરંતુ આજદિન સુધી અરજદારે આવી કોઈ માહિતીની માંગણી કરી નથી જેથી સદર અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારશ્રી તેની નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)નો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

એસયુસી/આરટીઆઈ/અપીલ/આ. નં. ૦૪
તારીખઃ– ૦૭/૦૪/૨૦૧૮

પ્રતિ,
(૧) શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, ૨૫૬, ભગીરથ સોસા–૧, ભરતનગરની પાસે, લંબે હનુમાન રોડ, વરાછા, કરંજ, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.